# ૪ જૂન –૨૦૧૬ (શનિવાર)

**(૧) નીતા અંબાણીનું ઓલિમ્પિક સમિતિના સભ્યપદ માટે નામંકન :**

- રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીનું આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઇઓસી) ના સભ્યપદ માટે નામાંકન થયું છે.
- વિશ્વમાં ઓલિમ્પિક રમતોના આયોજનથી માંડીને તે અંગેની તમામ જવાબદારી સંભાળતા આઇઓસીના સભ્યપદની ચૂંટણી તા. ૨ અને ૪ ઓગષ્ટના ના રોજ બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં થશે.
- આ પછી તા. ૫ ઓગષ્ટ ૨૦૧૬ થી રિયોમાં જ ઓલિમ્પિક રમતોત્સવનો પ્રારંભ થશે.
- આઇઓસીના ચૂંટણી એજન્ડા મુખ્ય એક વખત ચૂંટાયા બાદ તેઓ ૭૦ વર્ષની ઉમર સુધી સભ્યપદે ચાલુ રહી શકે છે.
- આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિમાં ઉમેદવારી નોંધાવનારા નીતા અંબાણી સૌ પ્રથમ ભારતીય મહિલા છે.

(૨) સુલાયા દેશપાંડે

- અભિનેત્રી સુલભા દેશપાંડેનું અવસના
- તેમણે અનેક મરાઠી હિન્દી ફિલ્મોમાં કામ કર્યું છે.
- ગમન અને ઇંગ્લીશ– વિંગ્લીશ જેવી ફિલ્મોમાં તેમનો અભિનય યાદગાર હતો.

(૩) ગુજરાત લાયન્સના ખેલાડીઓ ટૂરિઝમના નવા એમ્બેસેડર બન્યા :

- રાજ્યના પ્રવાસન નિગમે આઇપીએલની ગુજરાત લાયન્સની ટીમના ક્રિકેટર્સને નવા એમ્બેસેડર બનાવ્યા છે.
- ગુજરાત લાયન્સના કેપ્ટના સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા સહિતના ખેલાડી અને વિદેશી ખેલાડીને ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોનો પ્રચાર કરતા દર્શાવતી એડ ફિલ્મનું શુટીંગપણ પૂર્ણ થઇ ગયું છે.
- અમિતાભ બચ્ચન કેન્દ્રના અતુલ્ય ભારતના એમ્બેસેડર બનતા ગુજરાત દુરીઝમ દ્વારા નવા એમ્બેસેડર માટે શોધખોળ શરૂ કરાઇ હતી.
- અમિતાભ દર્શાવતી એડ પણ ચાલુ રહેશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કયાં ભારતીયનું ઓલિમ્પિક સમિતિના સભ્યપદ માટે નામાંકન થયું ?
- નીતા અંબાણી

(૨) આઇઓસીના સભ્ય બન્યા બાદ કેટલા વર્ષ સુધી સભ્યપદ રહે છે. ?
- ૭૦ વર્ષની ઉમર થાય ત્યાં સુધી

(૩) તાજેતરમાં ૪ જૂનના રોજ કઇ મરાઠી હિન્દી ફિલ્મની અભિનેત્રીનું અવસાન થયું ?
- સુલાયા દેશપાંડે

(૪) વધતી ઉંમર સાથે સફેદ વાળ થવા પાછળનું કારણ ?
- આઇઆરએફ–૪, નામનું જિન

(૫) તાજેતરમાં રાજ્યના પ્રવાસન નિગમે કોને નવા એમ્બેસેડર બનાવ્યા ?
- આઇપીએલની ગુજરાત લાયન્સની ટીમના ક્રિકેટર્સ

(૬) કેન્દ્રના અતુલ્ય ભારતના એમ્બેસેડર કોણ છે ?
- અમિતાભ બચ્ચન

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧